મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૧૪-૦૩-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૪૧
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## નવા નાણાંકીય વર્ષથી પ્રોપર્ટી મોંઘી થશે : રિયલ એસ્ટેટ ક્ષેત્રને મોટો ફટકો પડવાના એંધાણ

# શહેરી ક્ષેત્રમાં જંત્રી દરમાં આંશિક રાહત અપાશે, ગ્રામ્યસ્તરે યથાવત રહેશે આગામી ૧ એપ્રિલથી લાગુ : કેબિનેટ બેઠકમાં જંત્રી વિશે વિસ્તૃતમાં ચર્ચા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

ગુજરાત સરકારે આગામી ૧ એપ્રિલના નવા નાણાંકીય વર્ષથી રીઅલ એસ્ટેટ ક્ષેત્રે નવા જંત્રીદર લાગુ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. ચારેક માસ પૂર્વે જારી કરાયેલા મુસદ્દામાં ધરખમ વધારો સુચવાયો હતો તે સામે વ્યાપક વિરોધ ઉઠયો હતો. હવે એવા નિર્દેશ છે કે સરકાર શહેરી વિસ્તારમાં જંત્રીદરમાં સૂચવાયેલા દરમાં થોડો ઘણો ઘટાડો કરી દેશે જયારે ગ્રામ્ય સ્તરે સુચવાયેલા જંત્રીદર યથાવત રાખશે. શહેરોમાં આવાસ ક્ષેત્રે મોટો બોજ પડતો રોકવાના ઉદ્દેશથી આંશિક રાહ અપાશે.

રાજ્યમાં નક્કી કરાયેલા શહેરી કક્ષાએ ૨૩,૮૪૫ અને ગ્રામ્ય કક્ષાએ ૧૭,૧૩૧ મળીને કુલ નવા વેલ્યૂઝોન મુજબ જમીન-મિલકતોની બજાર કિંમત નક્કી કરવા માટેની કમરતોડ નવી જંત્રીના દરની અમલવારી ૧લી એપ્રિલ-૨૦૨૫થી કરાશે. મંગળવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ સંકેત અપાયા છે.

સરકારના ઉચ્ચ સૂત્રોની જાણકારી મુજબ, મુખ્યમંત્રી કક્ષાએ એ પણ નક્કી કરાયું છે કે, રાજ્ય સરકાર દ્વારા ૨૦નવેમ્બર-૨૦૨૪ના રોજ જાહેર કરાયેલા મુસદારૂપ નવી જંત્રી અંગે વાંધા-સૂચનો મેળવાયા બાદ પણ આ મુસદારૂપ જંત્રીના ભાવ-દરમાં કોઈપણ જાતનો ફેરફાર અર્થાત વધારો કે ઘટાડો નહીં કરવામાં આવે.

પરિણામે, ગુજરાતભરમાં જમીનો અને મિલકતોની બજાર કિંમતોમાં ભારેખમ વધારો નોંધાશે. જેની સીધી અસર રિઅલ એસ્ટેટની સાથાસોથ ઘરનું ઘર ખરીદવાનું સપનું જોતા સામાન્ય કે મધ્યમ વર્ગના લોકો માટે મુશ્કેલ જ નહીં, પરંતુ અતિ-મુશ્કેલ બની જશે.

આ ભારેખમ નવી જંત્રીના અમલને કારણે રાજ્ય સરકારની સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીમાં પણ ધરખમ વધારો થશે. ૨૦૨૪-૨૫ના વર્ષમાં સરકારની સ્ટેમ્પ ડ્યૂટી-નોંધણી ફીની આવક રૂ. ૧૬,૪૯૩ કરોડની હતી. જ્યારે ૨૦૨૫-૨૬માં સરકારને સ્ટેમ્પ ડ્યૂટી-નોંધણી ફીના આવક રૂ. ૧૯,૮૦૦ કરોડ થશે એવો અંદાજ મૂકાયો છે.

જે ૨૦૨૪-૨૫ની સરખામણીમાં રૂ. ૩૩૦૭ કરોડ વધુ હશે પરંતુ ૧લી, એપ્રિલથી નવી જંત્રીના અમલને કારણે સરકારના સ્ટેમ્પ ડડ્યૂટી-નોંધણી ફીની આ અંદાજિત આવકમાં પણ ભારે વધારો થવાની શક્યતા તથા લોકો ઉપર એટલો જ વધારાના ટેક્સનો બોજો પડે એવી શક્યતા નકારી શકાતી નથી.

અત્યારે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. આગામી તહેવારોની વ્યસ્તતા અને રજાઓને કારણે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠક મીને મંગળવારે મળી હતી. સરકારના ઉચ્ચતમ સૂત્રોની જાણકારી મુજબ, આ બેઠકમાં સરકાર દ્વારા જાહેર કરાયેલી મુસદારૂપ જંત્રી, તેના માટે જિલ્લા, શહેરો-ગ્રામ્ય કક્ષાએથી મગાવાયેલા વાંધા-સૂચનો સહિતના મુદ્દાઓ ઉપર વિગતે ચર્ચા થઈ હતી.

જેમાં મોટાભાગના મંત્રીઓએ પોત-પોતાના મત-વિસ્તારો અને તેમને મળેલા પ્રતિનિધિ મંડળો,તેમના દ્વારા થયેલી જંત્રીના અમલ વિષયક વિરોધી રજૂઆતો બાબતે મુખ્યમંત્રીનું ધ્યાન દોર્યું હતું, પરંતુ આંચકાજનક બાબત એ જાણવા મળી છે કે, મુખ્યમંત્રીએ આ બેઠકમાં નવી જંત્રીના અમલ માટે પોતાની મક્કમતા જાહેર કરીને નવી જંત્રીના નવા દરોમાં કોઈપણ જાતના ફેરફાર કે ઘટાડાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.

તેમનું કહેવું હતું કે, રાજ્ય સરકાર દ્વારા જયારે પણ નવી જંત્રીનો અમલ કરાય છે ત્યારે શરૂઆતમાં લોકો અને તેમના વિવિધ વર્ગોમાંથી તેનો સખત વિરોધ જરૂર થાય પણ સમય જતા તે શાંત પડી જાય છે. એટલે આ નવી જંત્રીનો અમલની જાહેરાત ૩૦મી માર્ચ-૨૦૨૫ના રોજ કરીને સરકાર ૧લી એપ્રિલ-૨૦૨૫થી તેનો અમલ કરાશે તે નક્કી મનાય છે.

ગુજરાત સરકારે ૨૦ નવેમ્બર-૨૦૨૪ના રોજ નવી જંત્રીનો મુસદ્દો જાહેર કર્યો હતો. જેમાં સરકારે લોકો-સંસ્થાઓ પાસેથી ૨૦ ડિસેમ્બર-૨૦૨૪સુધીમાં વાંધા-સૂચનો મંગાવ્યા હતા, પરંતુ જંત્રીના આ મુસદ્દા મુજબ સરકારે જમીન-મકાનો-મિલક્તોના જંત્રીના દરમાં ભારેખમ ભાવ વધારો ઝીંક્યો હોવાથી બિલ્ડર લોબી સહિતના સંબંધિતો તરફથી ભારે વિરોધ થતા સરકારે આ વાંધાસૂચનો મેળવવાની તારીખમાં એક મહિનો એટલે કે, ૨૦ જાન્યુઆરી-૨૦૨૫ સુધીનો વધારો કર્યો હતો. આ ઉપરાંત રાજ્ય સરકારે જંત્રી સુધારણા સમિતિની રચના કરી હતી. આ સમિતિ મહાનગરપાલિકા, નગરપાલિકા, અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી અને ગ્રામ્ય કક્ષાએ કાર્યરત કરાઈ હતી.



જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં આ સમિતિઓએ વિવિધ વિસ્તારમાં જમીનના બજારભાવ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને અન્ય પરિબળો ધ્યાને લઈ અભિપ્રાય મેળવીને નવા જંત્રી દરો અંગેનો અહેવાલ રાજયકક્ષાની સમિતિને સુપરત કર્યા હતા. જેમાં ઓનલાઈનની સાથે ઓફલાઈન વાંધા-સૂચનો પણ મેળવ્યા હતા. રાજયકક્ષાની સમિતિ દ્વારા આ વાંધા-સૂચનોની સમીક્ષા કરાઈ હતી.

આ અંગે મુખ્યમંત્રી કક્ષાએથી નવી જંત્રીના અમલની જાહેરાત કરવાનું જાહેર કર્યું હતું.

આ દરમિયાન મુખ્યમંત્રી સમક્ષ જે ઉચ્ચકક્ષાની રજૂઆતો થઈ હતી તેમાં મુખ્યમંત્રીએ નવી જંત્રીના દરોમાં ઘટાડો કરવાના કે રાહતો આપવાના સંકેત આપ્યા હતા, પરંતુ મંગળવારની મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રીએ નવી જંત્રીના દર તેના મુસદા અને માર્ગદર્શિકા મુજબ યથાવત રાખવાના અને તેમાં કોઈઘટાડો ન કરવાના સ્પષ્ટ સંકેત આપ્યા છે.

### કલેક્ટર એસ.કે.પ્રજાપતિની અધ્યક્ષતામાં ફૂડ સેફ્ટી ડિસ્ટ્રીક્ટ લેવલ એડવાઈઝરી કમિટીની મીટીંગ યોજાઈ

# એફએસએસએઆઈ ભારત સરકાર દ્વારા મહેસાણા જિલ્લાને કુલ પાંચ સર્ટીફીકેટ એવોર્ડ એનાયત થયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

ખોરાક અને ઔષધ નિયમનતંત્ર મહેસાણા દ્વાર ।મહેસાણા કલેક્ટર એસ.કે.પ્રજાપતિ ની અધ્યક્ષતામાં ફૂડ સેફ્ટી અંગેની ડિસ્ટ્રીક્ટ લેવલ એડવાઈઝરી કમિટીની મીટીંગ કલેક્ટર કચેરી મહેસાણા ખાતે યોજાઈ હતી .

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર મહેસાણા ધ્વારા છેલ્લા ત્રણ માસમાં કરેલ કુલ-૧૦મોટી રેડ કે જેમાં કુલ ૧ કરોડ ૬૨ લાખ નો કુલ જથ્થો જેમાં ઘી, પનીર, વરીયાણી, જીરુ, સ્વીટ ખોયા વગેરે નો ભેળશેળ યુક્ત જથ્થો માનવ વપરાશમાં ન આવે તે રીતે જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ તે રજુ કરાએલ . જે બાબતને કલેકટરશ્રી દ્વારા



બિરદાવવામાં આવેલ. જીલ્લામાં ફુડ સેફ્ટી વાન દ્વરા કુલ-૭૧ સ્કુલમાં ફુડ સેફ્ટી અવેરનેશ પ્રોગ્રામ કરી બાળકોને જાગૃત કરવામાં આવેલ.

વધુમાં Eat Right India અંતર્ગત એફ.એસ.એસ.એ.આઈ.-ન્યુ દિલ્હી(ભારત સરકાર) દ્વારા મહેસાણા જીલ્લાને કુલ – ૫ સર્ટીફીકેટ એવોર્ડ આપવામાં આવેલ છે. જે એવોર્ડને મહેસાણા કલેક્ટરશ્રી એસ.કે.પ્રજાપતિ , નિવાસી અધિક કલેકટરશ્રી જસવંતભાઈ જેગોડા અને જિલ્લા ફૂડ અધિકારી મહેસાણા દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો.

જેમાં ૧. APMC-Vegªable Markª- મહેસાણા ને ઈટ રાઈટ વેજીટેબલ માર્કેટ તરીકે

૨. ગણપત યુનિર્વસીટી-ખેરવા ને ઈટ રાઈટ કેમ્પસ તરીકે

૩. પાટીદાર વિકાસ ફાઉન્ડેશન-વિસનગર ને હાઈજીન રેટીંગ તરીકે

૪. મહેસાણા રેલવે સ્ટેશનને ઉત્તર ગુજરાતનું પ્રથમ ઈટ રાઈટ સ્ટેશન તરીકે તેમજ

૫. સાગર સૈનીક સ્કુલ કેમ્પસ-મહેસાણા દુધ સાગર ડેરી ને કેંન્દ્રીય વિધ્યાલયમાં ઈટ રાઈટ કેમ્પસ તરીકે સર્ટીફીકેશન એવોર્ડ આપવામાં આવેલ છે.

કમીટીના સભ્ય સચિવ વી.જે.ચૌધરી જિલ્લા ફૂડ અધિકારી ફુડ વિભાગ મહેસાણાના દ્વારા ફુડ વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનુ કમીટી સમક્ષ રજુઆત કરવામાં આવેલ જેની કલેક્ટરશ્રી મહેસાણા દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી.

આ મીટીંગમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી જસવંતભાઈ જેગોડા તથા સભ્ય સચિવ તરીકે જિલ્લા ફૂડ અધિકારી વી.જે.ચૌધરી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, તથા કમીટીના સભ્યો તરીકે વિવિધ સરકારી કચેરીઓનાં અધિકારીઓ, જિલ્લાનાં હોટલ એસોશિએશન, મિઠાઈ ફરસાણ એશોસિએશનનાં હોદ્દેદારો, ગ્રાહક સુરક્ષા મંડળ, વિસનગરનાં પ્રતિનિધીઓ તેમજ દુધ સાગર ડેરીના લોકેશભાઈ એક્સપર્ટ તરીકે ઉપસ્થિત રહ્યા હતા એમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયુ છે.

### મહાનગરપાલિકામાં વચેટિયા રાજ હોવાનો એક વિડીયો સોશિયલ મિડીયા પર વાઈરલ થયો હતો

# મહેસાણા મહાનગરપાલિકામાં જન્મ-મરણના દાખલા માટે પૈસા લેવાનો વિડીયો બદનામ કરવાના ઈરાદે બનાવ્યો : ડેપ્યુટી કમિશ્નર

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

મહેસાણા મહાનગરપાલિકામાં વચેટિયા રાજ હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. આ વીડિયોમાં વચેટિયાઓ જન્મ-મરણના દાખલા કઢાવવા માટે પૈસા લઈને ફોર્મ ભરી આપતા હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.




મહાનગરપાલિકામાં જન્મ-મરણના દાખલા માટે લાંબી લાઈનો લાગે છે. જે અરજદારો ફોર્મ ભરી શકતા નથી, તેમની પાસેથી વચેટિયાઓ પૈસા લઈને ફોર્મ ભરી આપે છે તેવું વીડિયોમાં દર્શાવવામાં આવ્યું હતુ.આ મામલે મહેસાણા મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર એ.બી. મંડોરીએ સ્પષ્ટીકરણ આપ્યું છે. તેમણે જણાવ્યું કે વીડિયોની તપાસ કરવામાં આવી છે અને તેમાં કોઈ તથ્ય જણાતું નથી. વીડિયોમાં દેખાતી વ્યક્તિ સ્પષ્ટપણે કહે છે કે તે લોકોને મદદ કરી રહી છે અને કોઈ પૈસા લેતી નથી.

ડેપ્યુટી કમિશનરે વધુમાં જણાવ્યું કે મહાનગરપાલિકામાં હેલ્પ ડેસ્ક છે, જે અરજદારોને ફોર્મ ભરવામાં મદદ કરે છે. વીડિયો વાઈરલ થયા બાદ કર્મચારીઓની કામગીરી પર વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેમના મતે આ વીડિયો મહાનગરપાલિકાને બદનામ કરવાના ઈરાદે બનાવવામાં આવ્યો હોય તેવું લાગે છે.

### આ દિવસે યજ્ઞશાળાને ખુલ્લી મુકી, નવનિર્મિત સપ્તેશ્વર મહાદેવ મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવશે

# વડનગર હાટકેશ્વર મંદિરના સુવર્ણ શિખરનું ૨૪મીએ મુખ્યમંત્રીના હસ્તે અનાવરણ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

વડનગરના ૨૦૦૦ વર્ષ જૂના હાટકેશ્વર મહાદેવ મંદિરનું શિખર સુવર્ણમય બનતાં ૨૪મી માર્ચે સવારે મુખ્યમંત્રી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અનાવરણ કરવામાં આવશે. આ દિવસે યજ્ઞશાળાને ખુલ્લી મુકી, નવનિર્મિત સપ્તેશ્વર મહાદેવ મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવશે. ઉપરાંત, અહીં પ્રવાસન વિભાગ દ્વારા શરૂ કરાયેલ લાઈટ એન્ડ સાઉન્ડ શોનું લોકાર્પણ કરશે. ૨૨મી માર્ચથી ત્રિ-દિવસીય મહોત્સવમાં જલયાત્રા, હવન સહિતનાં કાર્યક્રમો યોજાશે. જેને લઈ મંદિર ટ્રસ્ટ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આશરે ૨૦ ફૂટ ગોળાઈ અને ૮ ફૂટ ઊંચા આ સુવર્ણ શિખરમાં ૧ કિલો ૪૦૦ ગ્રામ સોનું વપરાયું છે. ઉત્તર ગુજરાતનું પ્રથમ એવું શિવમંદિર છે જ્યાં કૃષ્ણ રાસલીલા કરતાં દર્શાવાયા છે. મોટાભાગના



શિવમંદિરમાં કૃષ્ણની મૂર્તિઓ હોતી નથી. પણ આ મંદિરના સભાગૃહમાં ઘૂમ્મટમાં રાધાકૃષ્ણને નર્તકીઓ સાથે રાસ કરતાં દર્શાવાયા છે.ધોલપુરના પથ્થરથી તૈયાર થયેલી યજ્ઞશાળાને ખુલ્લી મુકાશે હાટકેશ્વર મંદિરના આગળના ભાગે સિમેન્ટ, ક્રોંક્રિટનો ઉપયોગ કર્યા સિવાય રાજસ્થાનના ધોલપુરના પથ્થર પર ઉભી કરાયેલી છત્રી સાથેની યજ્ઞશાળા તૈયાર થઈ જતાં તેને સીએમના હસ્તે ખુલ્લી મુકવામાં આવશે.

# મહેસાણા મહાનગરપાલિકાના કામદારોની બે બેચમાં એચઆઈવી/એઈડ્સ મુખ્ય પ્રવાહની તાલીમ યોજાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

ગતરોજ ડૉ.ભરત બી.સોલંકી-મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રીના નેતૃત્વ હેઠળ અને ડૉ. અંજુ પરમાર જિલ્લા ટીબી-એચઆઈવી અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકા સાથે સંકલન કરીને મહેસાણા મહાનગરપાલિકાના કામદારોની બે બેચમાં એચઆઈવી/એઈડ્સ મુખ્ય પ્રવાહની તાલીમ ડીટીસી/દિશા યુનિટ-મહેસાણા ખાતે યોજાઈ હતી.

આ તાલીમમાં ડૉ. અંજુ પરમાર, જિલ્લા ટીબી-એચઆઈવી



અધિકારી, દિશા યુનિટ મહેસાણા, મનુભાઈ વાઘેલા, નાયબ નિયામક (મુખ્ય પ્રવાહ) ગુજરાત રાજ્ય એઈડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ અને ભાવેશ રાણા,જિલ્લા સુપરવાઈઝર, દિશા યુનિટ મહેસાણા દ્વારા તાલીમાર્થીઓને એચઆઈવી/એઈડ્સની સામાન્ય જાણકારી,રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ મહેસાણા જિલ્લામાં સરકારી હોસ્પિટલમાં ઉપલબ્ધ તપાસ અને સારવાર માટેના સેવા કેન્દ્રો વિશે,એચઆઈવી પોઝીટીવ વ્યક્તિઓને સરકાર દ્વારા આપવામાં આવતા યોજનાકીય લાભોની માહિતી તેમ જ એચઆઈવી/એઈડ્સ (અટકાવ અને નિયંત્રણ) અધિનિયમ-૨૦૧૭ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.આ તાલીમ કાર્યક્રમમાં મહેસાણા મહાનગરપાલિકાના ૧૦૦ જેટલા કામદારો હાજર રહ્યા હતા.




# સંસદમાં તકરાર

જેનો અંદેશો હતો એ જ થયું. સંસદના બજેટ સત્રના બીજા ચરણની શરૂઆત હંગામાથી થઈ. જે મુદ્દા પર હોબાળો મચ્યો તેમાં નવી શિક્ષણ નીતિ પણ સામેલ છે. એનાથી વધુ દુર્ભાગ્યપૂર્ણ શું હોય કે નવી શિક્ષણ નીતિને પક્ષાપક્ષીના રાજકીય હિતો સાથે જોડીને જોવામાં આવે છે અને કેટલાક રાજ્યો દ્વારા તેનો માત્ર એટલા માટે વિરોધ કરવામાં આવે છે, જેથી લોકોની ભાવનાઓને ઉશ્કેરીને રાજકીય લાભ ખાટી શકાય. નવી શિક્ષણ નીતિનો સૌથી વધુ વિરોધ તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન દ્વારા કરાઈ રહ્યો છે. આ વિરોધ પાછળ નિમ્ન રાજકારણ છે. સ્ટાલિનને સૌથી વધારે વાંધો નવી શિક્ષણ નીતિના ત્રિભાષા ફોર્મ્યૂલા પર છે. આ ફોર્મ્યૂલા નવી નથી. તે ૧૯૬૮માં જ બની ગઈ હતી. તેમાં એ જોગવાઈ હતી કે બિનહિંદી ભાષી રાજ્યો પોતાની સ્થાનિક ભાષા અને અંગ્રેજીની સાથે ત્રીજી ભાષા રૂપે હિંદી ભણાવશે. એ ઉલ્લેખનીય છે કે ૨૦૨૦ની નવી શિક્ષણ નીતિમાં હિંદીની અનિવાર્યતા ખતમ કરી દેવામાં આવી છે. ત્યારબાદ પણ સ્ટાલિન એવી બૂમરાણ મચાવી રહ્યા છે કે ત્રિભાષા ફોર્મ્યૂલા દ્વારા મોદી સરકાર તમિલનાડુ પર હિંદી થોપવા માગે છે. આ નિતાંત જૂઠ્ઠાણું છે અને તેનો ઉદ્દેશ્ય લોકોને ભરમાવવાનો છે.

તમિલનાડુમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણીઓ થવાની છે. સ્ટાલિન આ ચૂંટણીઓમાં પોતાના પક્ષમાં માહોલ ઊભો કરવા માટે જ નવી શિક્ષણ નીતિનો વિરોધ કરી રહ્યા છે. સમસ્યા એ છે કે તેના માટે તેઓ જૂઠ્ઠું બોલવાથી પણ ચૂકતા નથી. સંકીર્ણ રાજકીય સ્વાર્થોના ચક્કરમાં તેમણે એટલું ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું છે કે હિંદીની સાથે જ સંસ્કૃત પર પણ વાંધો ઉઠાવી રહ્યા છે. હિંદી વિરોધ સિવાય તેમણે પરિસીમનને લઈને પણ એવો માહોલ બનાવવો શરૂ કરી દીધો છે કે તેનાથી દક્ષિણનાં રાજ્યોએ રાજકીય ક્ષતિ ઉઠાવવી પડશે. જોકે વડાપ્રધાન અને ગૃહમંત્રી એ સ્પષ્ટ કરી ચૂક્યા છે કે પરિસીમનથી કોઈ રાજ્યને કોઈ નુકસાન નહીં થવા દેવામાં આવે, પરંતુ સ્ટાલિન એવું જ થવાનો હાઉ ઊભો કરવામાં પડ્યા છે. એ સાચું કે લોકસભા સીટોનું પરિસીમન પ્રસ્તાવિત છે, પરંતુ એ તો ત્યારે થશે, જ્યારે જનગણના થશે. જ્યારે હજુ જનગણના જ નથી થઈ અને ના એ નક્કી થયું છે કે તે કયા આધાર પર થશે, તો પછી સ્ટાલિન તેને લઈને લોકોને ઉશ્કેરી કેમ રહ્યા છે? એનાથી ખરાબ વાત બીજી કશી નથી કે ડીએમકે નેતા શિક્ષણ નીતિને પોતાની સસ્તી રાજનીતિનો વિષય બનાવે અને તે પણ જૂઠ્ઠાણાંનો સહારો લઈને. તેમને એવું કરવાથી રોકવા જ જોઈએ, કારણ કે ત્રિભાષા ફોર્મ્યૂલામાં હિંદીનો ઉલ્લેખ સુદ્ધાં નથી. જો સ્ટાલિનને વિશ્વાસ ન હોય તો તેમણે નવી શિક્ષણ નીતિ તૈયાર કરનારી સમિતિના પ્રમુખ કે.કસ્તૂરીરંગનનો સંપર્ક કરવો જોઈએ, જેઓ ખુદ તમિલ છે. પરંતુ સ્ટાલિનને તો જૂઠ્ઠાણાની જ રાજનીતિ કરવી છે અને લોકોની લાગણીઓ ઉશ્કેરીને તેનો લાભ ખાટવો છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## મુખ્યમંત્રી કાર્યાલય સુધી રજૂઆત છતા હજુ સુધી કોઈ પગલા નહી

# એસ.ટી.માં નોકરી આપવાનાં બહાને ૪૫ લોકો સાથે લાખો રૂપિયાની છેતરપીંડી

અમદાવાદ,તા.૧૩

ગુજરાતમાં સરકારી નોકરી માટે લાખો યુવાનો લાઇનમાં હોય ત્યાં લે ભાગુ તત્ત્વો દ્વારા લોકો સાથે છેતરપિંડી કરનારા લોકો સક્રિય થઈ જાય છે.

આવા જ એક બનાવમાં પીડિત સતત ૪ મહિનાથી પોલીસ સ્ટેશનથી મુખ્યમંત્રી કાર્યાલય સુધી ધક્કા ખાઈ રહ્યો છે પરંતુ, હજુ સુધી તેની ફરિયાદ લેવામાં આવતી નથી.




એક ફરિયાદી કે જે ખુદ પીડિત છે તેને સરકારી નોકરીનું સપનું દેખાડી ઠગાઈ કરવામાં આવી છે. અમદાવાદમાં એક વ્યક્તિ સાથે બોરસદના રહેવાસી નિલેશ મકવાણઆ અને આશિષ ક્રિશ્ચન નામના વ્યક્તિએ છેતરપિંડી કરી હતી. આ બંનેએ સરકારી નોકરીના નામે યુવાન પાસેથી ૯૭,૨૦૦ રૂપિયા પડાવી લીધા હતા. આ કૌભાંડ આચરનારાએ તમામ પૈસાનો વ્યવહાર ઓનલાઈન કરાવ્યો હતો.

જેમાં પીડિતને ઋજછઝઈ નો નકલી એપોઈમેન્ટ લેટર આપવામાં આવ્યો હતો તેમજ અનેક યુવાનોને નકલી આઈકાર્ડ બનાવી આપી અંદાજિત ૪૫ લોકો સાથે આ પ્રમાણે છેતરપિંડી કરી હતી.

પીડિતે આ છેતરપિંડી મામલે અમદાવાદના ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવા અરજી આપી હતી. આ અરજીના બે મહિના બાદ વટવા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ફરિયાદ દાખલ કરવા ગયા હતા પરંતુ ત્યાં પણ સામાન્ય અરજી લઈને આજદિન સુધી કોઈ જગાએ ગુનો નોંધવામાં આવી નથી.

આરોપી વિરુદ્ધ તમામ પુરાવા હોવા છતા એફ.આઈ.આર દાખલ કરવામા આવતી જેમાં ઉચ્ચ કક્ષાએ છેક અધિકારીઓથી મંત્રીઓ સુધી અરજી મોકલવાના ૨ મહીના ઉપર થઇ ગયા હોવા છતા આજદિન સુધી કોઈપણ કાર્યવાહી થઈ નથી.

# ભાલેજના તાડપુરા ચોકડી પાસે આડા સંબંધના વહેમમાં સાવકા સસરાની જમાઈ દ્વારા હત્યા

આણંદ,તા.૧૩

ઉમરેઠ તાલુકાના ભાલેજ ગામની તાડપુરા ચોકડી પાસે આવેલા ખેતરમાં ગઈકાલે રાત્રીના સુમારે આડા સંબંધના વહેમમાં જમાઈએ સાવકા સસરાની ધારીયાના ચાર જેટલા ઘા ઝીંકીને હત્યા કરી નાંખતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. ભાલેજ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને હત્યારા જમાઈને રાઉન્ડ અપ કરીને પુછપરછ હાથ ઘરી છે.પ્રાપ્ત વિગતો અનુસાર આજે સવારના સુમારે તાડપુરા ચોકડી પાસે આવેલા ખુલ્લા ખેતરમાં એક પુરૂષની લોહીથી લથબથ લાશ પડી હોવાની જાણ ભાલેજ પોલીસને થતાં જ પોલીસની ટીમ તુરંત જ ત્યાં પહોંચી ગઈ હતી અને તપાસ કરતા મરણ જનાર યુવાનના મોઢા,નાક,જમણા હાથે તેમજ પગના ભાગે તી-ણ હથિયારના ઘાના નિશાન મળી આવ્યા હતા. નજીકમાં જ તપાસ કરતા એક ધારીયું પણ મળી આવ્યું હતુ. જેથી ધારીયાના ઘા ઝીંકીને હત્યા કરાઈ હોવાનું ફલિત થવા પામ્યું હતુ. પોલીસે તપાસ કરતા નજીકમાં જ છાપરું બનાવીને રહેતી શિલ્પાબેન કિશોરભાઈ દાંતણીયા મળી આવી હતી. તેણીએ મરણ જનાર ભરતભાઈ ગેલાભાઈ નાયક (ઉ. વ. ૪૨, રે. લીમડી, સુરેન્દ્રનગર)ના હોવાનુ તેમજ પોતાનો સાવકો પિતા થતો હોવાનું જણાવ્યું હતુ.

પોલીસે લાશનો કબ્જો લઈને પીએમ માટે સરકારી હોસ્પીટલ ખાતે મોકલી આપી હતી. ત્યારબાદ શિલ્પાબેનની પુછપરછ કરતા સમગ્ર હત્યાકાંડ પરથી પડદો ઉંચકાઈ જવા પામ્યો હતો. પોતાના સાવકા પિતાની પોતાની પતિ કિશોરભાઈ ધીરૂભાઈ દાંતણીયાએ જ ધારીયાના ઘા ઝીંકીને હત્યા કરી નાંખી હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે તુરંત જ કાર્યવાહી હાથ ઘરીને કિશોરભાઈ દાંતણીયાને પણ ઝડપી પાડીને રાઉન્ડ અપ કરી પુછપરછ હાથ ઘરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મરણ જનાર ભરતભાઈ નાયક ફરિયાદી શિલ્પાબેન (ઉ. વ. ૩૨)નો સાવકો પિતા થાય છે. તેણીની માતાએ ભરતભાઈ સાથે બીજા લગ્ન કર્યા હતા. શિલ્પા અને કિશોર છેલ્લા બે-ત્રણ વર્ષથી તાડપુરા ચોકડી ખાતે રહેતા હતા અને મજુરી કામ કરીને જીવન ગુજરાન ચલાવતા હતા. આ દરમ્યાન ભરત અવાર-નવાર તાડપુરા ચોકડી ખાતે આવતો હતો. જેને લઈને શિલ્પાના પતિ કિશોરને એવો વહેમ ભરાઈ ગયો હતો કે, સાવકા પિતા-પુત્રી વચ્ચે આડો સંબંધ છે. ગત ૧૦મી તારીખના રોજ ભરત લીમડીથી તાડપુરા આવ્યો હતો અને સાવકી પુત્રી કમ પ્રેમિકાના ઘરે રોકાયો હતો. દરમ્યાન ગઈકાલે બન્ને એકલા હતા ત્યારે દારૂ મંગાવીને પીધો હતો અને ત્યારબાદ રંગરેલીયા મનાવ્યા હતા. જે તેણીનો નવ વર્ષનો પુત્ર જોઈ ગયો હતો. જેથી રાત્રીના સુમારે મજુરી કામ કરીને ઘરે પરત આવેલા પિતાને આ વાતની જાણ કરતા જ તે ઉશ્કેરાઈ ગયો હતો અને ભરતભાઈ નાયક સાથે બોલાચાલી કરીને ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ઘરમાં પડેલું ધારીયું ઉઠાવીને ભરતને મોઢાના ભાગે, નાક ઉપર તેમજ જમણા હાથે-પગે ઘા મારી દેતાં તેનં સ્થળ પર જ મોત થયું હતુ.

# પાલનપુર નાયબ કલેક્ટર લાંચ ઝડપાયા, લોકરમાંથી ૭૪ લાખથી વધુના સોના-ચાંદીના દાગીના અને બિસ્કિટ ઝડપ્યા

પાલનપુર,તા.૧૩

બનાસકાંઠામાં પાલનપુર સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન કચેરીના નાયબ કલેક્ટર અંકિતાબેન ઓઝા લાંચ કેસમાં ઝડપાયા બાદ તેમના બેંક લોકરમાંથી ૭૪ લાખથી વધુના સોના-ચાંદીના દાગીના અને બિસ્કિટ મળી આવ્યા છે.અંકિતાબેન ઓઝા પર આરોપ છે કે તેમણે સ્ટેમ્પ ડ્યુટી ઘટાડવા અને ઝડપી કાર્યવાહી કરવા માટે ૩ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. આ કેસમાં એસીબીએ ટ્રેપ ગોઠવીને તેમને લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડ્યા હતા.

એસીબી દ્વારા કરવામાં આવેલી તપાસમાં અંકિતાબેન ઓઝાના મહેસાણા ખાતેના બેંક ઓફ બરોડાના લોકરમાંથી ૫૯.૬૩ લાખના દસ સોનાના બિસ્કિટ અને સાત સોનાની લગડી મળી આવી છે. આ ઉપરાંત, લોકરમાંથી ૧૫.૨૬ લાખના સોના-ચાંદીના દાગીના પણ મળી આવ્યા છે. આમ, કુલ મળીને ૭૪.૮૯ લાખથી વધુના સોના-ચાંદીના દાગીના અને બિસ્કિટ જપ્ત કરવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, સ્ટેમ્પ ડયુટી ભર્યા વગર પ્લોટોમાં બાધકામ કરેલ જે બાંધકામનુ સ્થળ નિરીક્ષણ કરી નોટીસો આપતા પ્લોટ ધારકોએ નોટીસોના જવાબ કરવા ફરીયાદીને સહમતી આપેલ જેથી પ્લોટ ધારકો વતી સ્ટેમ્પ ડયુટી ઓછી કરવા તથા ઝડપી કાર્યવાહી કરાવવા સારૂ ફરીયાદી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન કચેરી ખાતે જઈ આરોપીઓને મળતા તેઓએ સ્ટેમ્પ ડયુટી ઘટાડવા તેમજ ચલણ ઝડપી ભરી આપવાના અવેજ પેટે રૂપિયા ૩ લાખની લાંચની માંગણી કરતા ફરીયાદીની ફરીયાદ આધારે ગાંધીનગર છઝમ્ફિલ્ડ નાઓએ લાંચનુ છટકુ ગોઠવી ઉપરોક્ત આરોપીને રૂા.૩,૦૦,૦૦૦/-ની લાંચ લેતા ઝડપી પાડેલ અને તેઓના વિરૂધ્ધ ઉપરોક્ત ગુનો દાખલ કરવામાં આવેલ છે.એસીબીના અધિકારીઓએ જણાવ્યું કે આ કેસની વધુ તપાસ ચાલી રહી છે અને અંકિતાબેન ઓઝાની સંપત્તિની વધુ તપાસ પણ કરવામાં આવશે.

# ભાજપ બિહાર ચૂંટણીને ધાર્મિક રંગ આપવાનો પ્રયાસ કરી રહી હોય તેવું લાગે છે

પટણા,તા.૧૩

બિહાર વિધાનસભાની ચૂંટણી આ વર્ષના અંતમાં યોજાવાની છે. તે પહેલાં, બિહારના રાજકીય ગલિયારાઓમાં અનેક પ્રકારની વાતો ચાલી રહી છે. ખાસ કરીને છેલ્લા બે અઠવાડિયામાં, બિહારના રાજકારણમાં આવી ત્રણ બાબતો સામે આવી છે, જેના પર જદયુ અને ભાજપના સૂર એક નદીના બે કિનારા જેવા છે. ચર્ચાઓ એવી પણ થઈ રહી છે કે શું આ ત્રણ બાબતો ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા નીતિશ કુમાર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મિત્રતામાં તિરાડ પાડશે? ચાલો આ ત્રણ મુદ્દાઓ પર ભાજપ અને જેડીયુના વલણને એક પછી એક સમજીએ.આ વર્ષે હોળી શુક્રવારે આવી રહી છે. ત્યાં રમઝાન મહિનો પણ ચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં, જુમ્મે કી નવાઝ મુસ્લિમ સમુદાય માટે મહત્વપૂર્ણ બની જાય છે. હોળી અને જુમ્મે કી નમાઝ એક જ દિવસે હોવાથી, ભાજપ અને જેડીયુ બંને તરફથી અલગ અલગ નિવેદનો આવ્યા છે. ભાજપના ધારાસભ્ય હરિભૂષણ ઠાકુર બચૌલે કહ્યું, 'આ વખતે હોળી શુક્રવારે જ છે.' મુસ્લિમ ભાઈઓએ કાં તો ઘરે રહેવું જોઈએ અથવા, જો તેઓ બહાર જાય છે, તો તેમણે મોટા હૃદયથી બહાર જવું જોઈએ. જો કોઈ તમારા પર રંગ લગાવે તો પણ ખરાબ ન લાગશો. ચોક્કસપણે અમારી માંગણી સાચી છે, વર્ષમાં ૫૨ જુમ્મા હોય છે જ્યારે હોળી ફક્ત એક જ હોય ??છે. જો તેમને આપણા રંગોનો તહેવાર પસંદ ન હોય તો તેમણે ઘરે જ રહેવું જોઈએ.

ભાજપના ધારાસભ્ય બચૌલના આ નિવેદન પર, બિહાર સરકારમાં જેડીયુના મંત્રી જામા ખાન પ્રતિક્રિયા આપવા માટે આગળ આવ્યા. જામા ખાને કહ્યું, 'અમે આવા નિવેદનોનું બિલકુલ સમર્થન કરતા નથી.' મુસ્લિમ ભાઈઓને વિનંતી છે કે જો હોળીના દિવસે તમારા કપડાં કે શરીર પર કોઈ રંગનો ગુલાલ પડી જાય તો તેને અવગણો. આપણે સમજવું પડશે કે હોળી પરસ્પર ભાઈચારોનો તહેવાર છે. દરમિયાન, જેડીયુના અન્ય એક મંત્રી શ્રવણ કુમારે ભાજપના ધારાસભ્ય બચૌલના



નિવેદન પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો અને તેને વ્યક્તિગત ગણાવ્યું હતું.ભાજપ દ્વારા મુસ્લિમોને હોળી પર ઘરે રહેવાની સલાહ બાદ, જેડીયુ નેતા અને દરભંગાના મેયર અંજુમ આરાએ વહીવટીતંત્રને અપીલ કરી હતી કે હોળીની ઉજવણી બપોરે ૧૨:૩૦ થી ૨:૦૦ વાગ્યા સુધી અસ્થાયી રૂપે બંધ કરવામાં આવે. જોકે, જેડીયુના ટોચના નેતાઓએ આ અંગે તાત્કાલિક પ્રતિક્રિયા આપી. વરિષ્ઠ મંત્રી અશોક ચૌધરી અને જેડીયુ પ્રવક્તા નીરજ કુમારે મીડિયા સમક્ષ આવીને અંજુમ આરાના નિવેદનનું ખંડન કર્યું.

અશોક ચૌધરીએ કહ્યું કે આવું નિવેદન ખોટું છે. હોળીના દિવસે હોળી ઉજવવાનું બંધ કરો, બિહાર આવી બાબતોને સમર્થન આપતું નથી. તેમણે તો એમ પણ કહ્યું કે પાર્ટીએ આવા લોકોને હાંકી કાઢવા જોઈએ. દરમિયાન, પ્રવક્તા નીરજ કુમારે કહ્યું કે જુમ્મે કી નમાઝ હોય, હોળી હોય, દિવાળી હોય કે છઠ હોય, શાંતિ અને વ્યવસ્થા એ અમારું અનોખું વેચાણ બિંદુ છે. સમાજમાં શાંતિ જાળવવાની જવાબદારી જિલ્લા અધિકારી અને જિલ્લા પોલીસ અધિક્ષકની છે. તેથી, જનપ્રતિનિધિઓ ફક્ત સલાહ આપી શકે છે, પરંતુ મીડિયામાં તેને સનસનાટીભર્યું બનાવી શકતા નથી. કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરનારાઓને કાયદા દ્વારા સજા કરવામાં આવશે.

કથાકાર બાગેશ્વર બાબા ધીરેન્દ્ર શાસ્ત્રી વતી બિહારમાં કહેવામાં આવ્યું હતું કે તેઓ ફરી એકવાર ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટે યાત્રા કાઢશે. આ પછી, ભાજપના ધારાસભ્ય હરિભૂષણ ઠાકુર બચૌલે કહ્યું કે જ્યારે ૧૯૪૭ માં દેશનું વિભાજન થયું ત્યારે બાકી રહેલું રાષ્ટ્ર હિન્દુ રાષ્ટ્ર હતું. બાગેશ્વર બાબા ફરતા ફરતા લોકોને જાગૃત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે કટોકટી દરમિયાન દેશ પર ધર્મનિરપેક્ષતા લાદવામાં આવી હતી. બાબા સાહેબ ભીમરાવ આંબેડકર દ્વારા બનાવવામાં આવેલા બંધારણમાં કોઈ ધર્મનિરપેક્ષતા નથી. તેમણે પુનરોચ્ચાર કર્યો કે ભારત એક હિન્દુ રાષ્ટ્ર છે.તાજેતરમાં, સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુ આઝમીને મુઘલ શાસક ઔરંગઝેબના વખાણ કરવા બદલ મહારાષ્ટ્ર વિધાનસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. વેપાર અને વ્યવસાય આજે સામાન્ય કરતાં વધુ સારી રીતે આગળ વધશે, પરંતુ આર્થિક બાબતોમાં ઝડપથી કોઈ પર વિશ્વાસ ન કરો

**વૃષભઃ** આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. તે પછી જ આપણે કાર્યના સફળ વિસ્તરણની યોજના કરી શકીશું.

**મિથુનઃ** તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધા અને ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો. ક્રોધ પર નિયંત્રણ રાખો. મિત્રો સાથે લાંબી મુસાફરી પર જવા માટે યોજના બનાવી શકાય છે.

**કર્કઃ** આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેના કારણે આજે તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે.

**સિંહઃ** આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે. પરિવારના કોઈ સભ્યની બીમારી પર ખર્ચ થઈ શકે છે.

**કન્યાઃ** આજનો દિવસ તમારા માટે આનંદકારક રહેશે. તમે દિવસભર રમૂજ અને મનોરંજનના મૂડમાં રહેશો અને તમારા જુસ્સાને પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યોને પણ અવગણી શકો છો.

**તુલાઃ** કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારો જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે. લેખકો અને કલાને લગતા નામાંકિતોને પ્રતિભા પ્રદર્શિત કરવાની તકો મળશે.

**વૃશ્ચિકઃ** આજ દિવસે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે. પૈસામાં વધારો થશે, પરંતુ વધારે ખર્ચને કારણે આર્થિક સ્થિતિ નબળી પડી શકે છે.

**ધનઃ** કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અચાનક મહેમાનોનું આગમન, ખર્ચનો ભાર વધારે છે.

**મકરઃ** આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો. નોકરી કરતા લોકો માટે પગારમાં વધારો થઈ શકે છે.

**કુંભઃ** આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. બાળકોને લગતી સમસ્યાઓના નિવારણમાં બપોર પસાર કરવામાં આવશે. કોઈપણ સ્પર્ધામાં હરીફ વિદ્યાર્થીઓ જીતી શકે છે.

**મીનઃ** આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફોની તકો નીકળી શકે છે, પરંતુ આજે તમે તમારા સંતોષપૂર્ણ સ્વભાવને લીધે ઉદાસ નહીં રહો.

## ફિલ્મી ગપશપ

### સોનુ નિગમ ફરી રાજસ્થાન સરકારથી નારાજ, શ્રેષ્ઠ ગાયક માટે નામાંકિત ન થવા બદલ મોટી વાત કરી

જયપુર,તા.૧૩

ગાયક સોનુ નિગમે ફરી એકવાર રાજસ્થાન સરકાર પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે રાજસ્થાનના અમલદારશાહીના દબાણને કારણે, જયપુરમાં આયોજિત એવોર્ડ સમારંભમાં તેમને શ્રેષ્ઠ પુરુષ પ્લેબેક સિંગર માટે નામાંકિત કરવામાં આવ્યા ન હતા. ખરેખર, સોનુ નિગમે તેના



ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી, જેમાં તેણે એવોર્ડ ફંક્શનના શ્રેષ્ઠ પુરુષ પ્લેબેક સિંગર નોમિનેશનનો સ્ક્રીનશોટ પોસ્ટ કર્યો છે. આ સાથે તેમણે લખ્યું, ×આભાર, છેવટે તમારે રાજસ્થાનના અમલદારશાહીને પણ જવાબ આપવો પડ્યો.× આ પોસ્ટ સાથે, તેમણે તેમની ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩' નું 'મેરે ઢોલના ૩.૦' ગીત પણ શેર કર્યું, જેના માટે તેઓ નોમિનેશનની અપેક્ષા રાખતા હતા. તમને જણાવી દઈએ કે રાજ્યમાં ૮-૯ માર્ચે જયપુરમાં એવોર્ડ ફંક્શન ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું.

વાસ્તવમાં, આ વિવાદ ગયા વર્ષે ડિસેમ્બરમાં બનેલી એક ઘટના સાથે સંબંધિત છે, જ્યારે રાજસ્થાનમાં એક રોકાણ સમિટ (રાઈઝિંગ રાજસ્થાન) યોજાઈ હતી. સમિટના છેલ્લા દિવસે એક સંગીત કાર્યક્રમ હતો જેમાં સોનુ નિગમે પરફોર્મ કર્યું હતું. આ દરમિયાન સોનુએ રાજસ્થાનના મુખ્યમંત્રીના કાર્યક્રમ અધવચ્ચે જ છોડી જવા પર નારાજગી વ્યક્ત કરી હતી. તમને જણાવી દઈએ કે 'રાઈઝિંગ રાજસ્થાન' કાર્યક્રમમાં સોનુના પ્રદર્શન દરમિયાન, રાજસ્થાનના મુખ્યમંત્રી, ઘણા મંત્રીઓ અને અન્ય પ્રતિનિધિઓ પણ કાર્યક્રમમાં હાજર હતા. પરંતુ કાર્યક્રમની વચ્ચે જ મુખ્યમંત્રી અન્ય મંત્રીઓ અને પ્રતિનિધિઓ સાથે ત્યાંથી ચાલ્યા ગયા. આ વાતથી સોનુ નિગમ ગુસ્સે થયો.

આ ઘટના પછી, સોનુ નિગમે એક વીડિયો જાહેર કર્યો જેમાં તેણે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. ખરેખર, સોનુ નિગમ રાજસ્થાન ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં પોતાની ગાયકીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી રહ્યા હતા. કાર્યક્રમની વચ્ચે, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, મંત્રીઓ, નેતાઓ અને પ્રતિનિધિઓ ઉભા થઈને ચાલ્યા ગયા. આ બાબતને લઈને સોનુ નિગમ ગુસ્સે ભરાયા અને તેમણે સોશિયલ મીડિયા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. તેમણે કહ્યું હતું કે જો તમારે જવું જ હોય ??તો તમારે વહેલા નીકળી જવું જોઈતું હતું, શો અધવચ્ચે છોડી દેવો યોગ્ય નથી. મને ખબર છે કે તમારા લોકો પાસે ઘણું કામ છે, પણ જો તમે કલાનો આદર નહીં કરો તો કોણ કરશે?

તેણે આગળ કહ્યું કે શો ખૂબ સારો ચાલી રહ્યો હતો અને તમે લોકો વચ્ચેથી ચાલ્યા ગયા. આવું દુનિયામાં ક્યાંય બનતું નથી. અમેરિકામાં પણ એવું થતું નથી. જો તમારે જવું જ પડે તો શો શરૂ થાય તે પહેલાં જાવ. તેમણે કહ્યું કે સીએમ સાહેબ શોની વચ્ચે જ ચાલ્યા ગયા.

## ગુજરાત સહિતના રાજયોના નવા પ્રદેશ પ્રમુખોની વરણી પુર્વે નવો અહેવાલ

# રાષ્ટ્રીય પ્રમુખ મુદ્દે સંઘ અને ભાજપ સામસામા! નડ્ડાને ૪૦ દિવસનું એકસટેન્શન

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૩

લોકસભા ચૂંટણીમાં થોડી પીછેહઠ પરંતુ બાદમાં એક બાદ એક રાજયોની ધારાસભા ચૂંટણીઓમાં જબરી ફતેહ બાદ ભાજપે તેના રાષ્ટ્રીયથી પ્રાદેશિક સંગઠન માળખામાં ફેરફારથી શરૂ કરેલી પ્રક્રિયામાં અગાઉથી જ વિલંબમાં દોડી રહી હતી. રાષ્ટ્રીય તથા ગુજરાત સહિતના અનેક રાજયોના પ્રદેશ પ્રમુખો સહિતના સંગઠનની નવરચના ગાડી હવે વધુ મોડી પડશે.

પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ નકકી કરવામાં અને સંગઠનમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વધેલી ભૂમિકા વચ્ચે નવા રાષ્ટ્રીય પ્રમુખના નામ પર ભાજપ-સંઘ વચ્ચે કોઈ સંમતી ન થતા હવે વર્તમાન રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાને વધુ ૪૦ દિવસનું એકસટેન્શન અપાયુ છે. શ્રી નડ્ડાનો કાર્યક્રમ જુલાઈ ૨૦૨૩માંજ પુરો થયો હતો પણ લોકસભા ચૂંટણીના કારણે તેમાં એક વર્ષનો વધારો કરાયો હતો અને ત્યારબાદ પણ શ્રી નડ્ડા એકસટેન્શન પર જ હતા.

આવી જ સ્થિતિ ગુજરાતમાં સી.આર.પાટીલ સહિત અનેક રાજયોના પ્રદેશ પ્રમુખોની છે. સૂત્રોના જણાવ્યા મુજબ નવા રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ભાજપે જે જે નામ આરએસએસ સમક્ષ રજુ કર્યા તે તમામ પર સંઘે ચોકડી મારી દીધી છે. વાસ્તવમાં જે.પી.નડ્ડાથી પણ સંઘ બહું સંતુષ્ટ ન હતો. તેમાં હવે તેનાથી પણ ઓછી ક્ષમતાવાળા ચહેરાને પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ બનાવવામાં સંઘ જરાપણ મચક આપવા માંગતો હતો. આમ સંઘ-ભાજપ હવે લગભગ સામસામા આવી ગયા છે અને તેથી નવા અધ્યક્ષનું નામ હવે ૨૦ એપ્રિલ કે તે બાદ જ નકકી થશે.

સંઘ લાંબા સમયથી ભાજપની આંતરિક બાબતોથી દુર રહ્યો હતો પણ જે રીતે લોકસભા ચૂંટણીમાં ભાજપને ખુદની બહુમતી ન મળી તે પછી તેના માટે સંઘના શરણે જવા સિવાય કોઈ વિકલ્પ ન હતો અને સંઘ પણ પોતાની શરતે ભાજપને મદદ કરવા માંગે છે. ભાજપે હજુ તેના બંધારણ મુજબ અડધાથી વધુ રાજયામાં નવા પ્રદેશ પ્રમુખ સહિતના સંગઠનની રચના કરવાની છે.

જેમાં ગુજરાતમાં ધુળેટી પછી ગમે ત્યારે નવા પ્રદેશ પ્રમુખ મળશે તેવી ચર્ચા છે. સૂત્રોના જણાવ્યા મુજબ આરએસએસ એ અનેક સલાહ આપી હતી પણ ભાજપે તે સ્વીકારી નથી. સંઘ માને છે કે હવે વધુ દબાણ લાવવું



તે સંઘની મર્યાદા બહારની વાત છે. જે તે મર્યાદા છોડવા માંગતુ નથી.

સંઘ પોતાની રીતે પોતાની જવાબદારી બજાવશે. સંઘ એવા ચહેરાને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે મુકવા મંગે છે જે તેના માટે ભરોસાપાત્ર હોય તે જરૂરી છે. નડ્ડાએ જે રીતે લોકસભા ચૂંટણી સમયે અમારે હવે સંઘની જરૂર નથી તે વિધાન સંઘના હૃદયમાં સોસરવા ઉતરી ગયા છે અને તેના પરિણામ ભાજપને મળી ગયા છે.

આમ તે સમયથી જ સંઘ-ભાજપ વચ્ચે તિરાડ બની ગઈ હતી છતાં સંઘે વિશાળ હિતમાં રાજયોની ચૂંટણીમાં ભાજપને મદદ કરી હતી જે ભાજપ માટે મહત્વની પુરવાર થઈ છે. તા.૨૧થી૨૩ માર્ચ બેંગલુરુમાં સંઘની પ્રતિનિધિ સભાની મહત્વની બેઠક યોજાનારી છે. જેમાં એક વર્ષના લક્ષ્યાંક નિશ્ર્ચિત થાય છે. તેમાં નડ્ડાને હવે કઈ રીતે આવકારવા તે પણ પ્રશ્ન છે.

આ બેઠકની લાઈમાં ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખની પણ ચર્ચા થશે. સંઘ એવા જ વ્યક્તિને નવા રાષ્ટ્રીય પ્રમુખ જોવા માંગે છે જેનું બેકગ્રાઉન્ડ સંગઠનનું જ હોય તે જરૂરી છે અને સંગઠનને પણ તેમાં ભરોસો હોય તે પણ જરૂરી છે. જેમાં શિવરાજ ચૌહાણ અને મનોરલાલ ખટ્ટરના નામ છે પણ તેમાં કેટલા લોકપ્રિય છે તે પણ પ્રશ્ન છે તો વધુ એક ચર્ચા મહિલા પ્રમુખની છે જે રીતે ભાજપે એક બાદ એક ચુંટણીમાં મહિલાઓના મતો પર મોટો આધાર રાખીને વિજય મેળવશે તેથી ૨૦૨૯માં તે મહત્વની ભૂમિકા ભજવશે.

### હરિયાણાથી દિલ્હી, ભાજપના વિજય માટે એકલા સંઘને જ યશ આપવો ખોટુ

## મીડીયાએ અર્ધસત્ય ચગાવ્યુ છેઃ ભાજપના સૂત્રોની દલીલઃ અમીત શાહ અને તેની ટીમે જમીન પર કામ કરીને આ વિજય હાંસલ કર્યો છે

નવી દિલ્હી તા.૧૩ : ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અંગે સંઘ દ્વારા જે રીતે પોતાની પસંદગીના વ્યક્તિને નિયુક્ત કરવાનું જોર લગાવાઈ રહ્યું છે તેની પાછળ લોકસભા ચૂંટણીમાં ભાજપને જે રીતે પછડાટ મળી અથવા તો કહો કે ખુદ પક્ષ તેની બહુમતી ન મેળવી શકયો તેની પાછળ આરએસએસની નિષ્ક્રીયતાને પણ એક કારણ ગણાવાઈ રહ્યું છે.સૂત્રોના જણાવ્યા મુજબ ત્યારબાદ હરિયાણાથી મહારાષ્ટ્ર અને દિલ્હી સુધી ભાજપે જે વિજય મેળવ્યો તેની પાછળ સંઘની સક્રીયતાને યશ અપાય છે પણ ભાજપના સૂત્રોએ તે અંગે સ્પષ્ટ કહ્યું કે હરિયાણામાં અમીત શાહ અને તેની ટીમ સતત ત્રણ મહિના જમીન પર રહી હતી. મહારાષ્ટ્રમાં પણ આ જ ટીમે કામ કર્યુ હતું અને તેથી મીડીયા જે એવી વાત ચગાવાઈ રહી છે કે સંઘના કારણે ભાજપને વિધાનસભા ચૂંટણીમાં વિજય મળ્યો છે તે અર્ધસત્ય છે.

ચોકકસપણે સંઘની ભૂમિકા રહી છે તેનાથી ભાજપની ભૂમિકા ઘટી જતી નથી. સંઘ અને ભાજપ સાથે મળીને કામ કરે તો જ વિજય શકય છે. ફકત અમીત શાહ કે ફકત સંઘ પોતાની રીતે આ જાદુ કરી શકે નહી. જયાં સુધી એકસટેન્શનની વાત છે ત્યાં સુધી તેઓ ૨૦૨૩થી એકસટેન્શનમાં છે. તેમના એકસટેન્શનને ધાર્મિક કનેકશન હોવાનું માનવામાં આવે છે.

જો કે હોળાષ્ટક પુરા થઈ ગયા છે પરંતુ ૧૪ માર્ચથી ૧૪ એપ્રિલ સુધી ખરમાશ રહે છે એટલે કે હોળાષ્ટક અને ખરમાશમાં કોઈ શુભકાર્યની શરુઆત થતી નથી. ખરમાશ એ હિન્દુઓ માટે બહુ મહત્વનું છે તેઓ દાવો કરતા ભાજપના સૂત્રોએ કહ્યું કે આ સમયમાં લગ્ન, સગાઈ, નવુ મકાન ખરીદવા કે અન્ય મોટી ખરીદી ટાળવામાં આવે છે.

## અમદાવાદ વિમાની મથકે દાણચોરીથી ઘુસાડાયેલુ વધુ રૂપિયા ૧.૨૯ કરોડનું લગડી સોનુ ઝડપાયુ

અમદાવાદ,તા.૧૩

અમદાવાદ વિમાની મથકેથી સોનાની સતત વધી રહેલી દાણચોરીમાં હવે એરએશિયાની ફલાઈટ મારફત અહી પહોંચેલા બે મુસાફર પાસેથી રૂા.૧.૨૯ કરોડનું સોનુ ઝડપી લેવામાં આવ્યુ હતું.

આજે સવારે આ ફલાઈટ અહી પહોંચી પછી કસ્ટમની તલાશી સમયે આ બંને મુસાફરોએ સોનાની પેસ્ટ




બનાવી હતી અને તે પ્લાસ્ટીકની સ્ટીકમાં છુપાવીને લઈ જવાનો પ્રયત્ન કર્યો હતો.

આ બંને મુસાફરોએ તેના શરીર સાથે આ સ્ટીક ચોટાડી દીધી હતી અને નો ડીકલેર ઝોનમાંથી નીકળવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ અગાઉથી મળેલી બાતમી પરથી બંનેને અટકાવીને તલાશી લેવાતા તેમની પાસેથી આ સોનુ ઝડપી લેવાયુ હતું. જેમાં વધુ પુછપરછ શરુ કરવામાં આવી છે.

## ગુજરાતના એક દર્દીના ઘરેણા ચોરાતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યુ

# લીલાવંતી હોસ્પિટલમાં જાદુટોનાના પુરાવા : માનવ હાડકા અને વાળ ભરેલા આઠ પાત્ર કબ્જે

મુંબઈ,તા.૧૩

મુંબઈની લીલાવંતી હોસ્પિટલ વધુને વધુ વિવાદમાં ફસાઈ રહી છે. આ હોસ્પીટલમાં જાદુટોના થતા હોવાનો ઘટ્ટસ્ફોટ બહાર આવ્યા બાદ હવે એન્ફોર્સમેન્ટ વિભાગે બાન્દ્રા પોલીસની સહાયતાથી એક તરફ રૂા.૧૫૦૦ કરોડનું કૌભાંડ ટ્રસ્ટી અને કેટલાક વ્યક્તિઓએ આચર્યુ હોવાનું શોધી કાઢયું છે તો હોસ્પીટલની



ઈમારતમાં જ જાદુટોના થતા હતા.

જેમાં એકથી વધુ એફઆઈઆર નોંધાઈ છે અને તેમાં પુર્વ ટ્રસ્ટીઓ અને કેટલાક વ્યક્તિઓની સંડોવણી હોવાનું ખુલ્યુ છે. એટલું જ નહી. આ ઉપરાંત હોસ્પીટલની એક ચેમ્બરમાંથી માનવ હાડકા અને વાળ ભરેલા આઠ વાસણો મળી આવતા પોલીસ પણ ચોંકી ગઈ છે અને આ અંગે હવે ડીએનએ ટેસ્ટ કરાવાશે.

જેથી હોસ્પીટલમાં દાખલ થયેલા કોઈ દર્દીના હાડકા કે વાળ છે કે કેમ તે અંગે પણ તપાસ કરાશે. લીલાવંત કિર્તીલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલીત હોસ્પીટલમાં જે ભંડોળ આપવામાં આવ્યુ છે તેમાં ફોરેન્સીક ઓડીટ સમયે રૂા.૧૫૦૦ કરોડની ગોલમાલ થઈ હોવાનું બહાર આવ્યુ છે.ખાસ કરીને ગુજરાતથી અહી સારવાર માટે આવેલા એક દર્દીના કીંમતી ઘરેણા અને અન્ય વસ્તુ ચોરાઈ જતા તેની તપાસમાં સમગ્ર કૌભાંડનો ઘટ્ટસ્ફોટ થયો હતો અને હોસ્પીટલના ચોપડા તપાસતાં તેમાં ગોટાળા બહાર આવ્યા હતા. આ હોસ્પીટલના મોટાભાગના પુર્વ ટ્રસ્ટીઓ એનઆરઆઈ છે અને દુબઈ અને બેલ્જીયમમાં રહે છે તેમને પણ સમન્સ મોકલાશે.

# આજે પડછાયાને પુછી જ લીધું કે મારી સાથે સાથે કેમ ચાલે છે ત્યારે તેને હસીને જવાબ આપ્યો કે બીજું તારી સાથે છે કોણ ?

ફાગણમાસ અડધો પૂરો થયો. ડાકોરમાં કોણ છે રાજા રણછોડ. દ્વારકા ડાકોર સહિત દેશભરમાં રંગોત્સવ હોળીનો તહેવાર કાળ ઝાળ મોંઘવારી ગરમી વચ્ચે લોકો ઉજવી રહયા છે ત્યારે આ મહીનામાં ચંદ્ર અને સૂર્ય ગ્રહણ આ મહિનામાં છે આજે ચંદ્ર ગ્રહણ જે આપણા દેશમાં દેખાવાનું નથી.છતાં દોષ તો રહે છે અને તેથી ગઈકાલે હોળી દહન કર્યું.આજે ધુળેટી અને રમજાનના શુક્રવારની નમાઝ છે લોકો એકમેકના તહેવારો રાજીખુશીથી ઉજવે એ રાજ કારણીઓને તો ખટકવાનું જ આપણે શાંતિથી ઉત્સવ પરિવાર સાથે ઉજવીએ અને આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો વૃક્ષોના ડાળપાન નહીં, છાલ લાકડું નહીં પણ ફળ ઝાડની છાલ તથા પાન માં જે રસ હોય છે તેના કરતાં ઝાડના ફળમાં વિશેષ રસ હોય છે એ કોણ નથી જાણતું? માટે આ ફળનું મોક્ષ મળતાં સુધી તમે વારં વાર પાન કરો. ઈશ્વરમાં તમારો લય ન થાય ત્યાં સુધી ભાગવત રસનું પાન કરો.વેદાંત અધિકારીને માટે છે, સર્વને માટે નથી. વેદાંત સર્વનો ત્યાગ કરવા કહે છે. સંસારીથી એ બને નહીં.તેઓના ઉદ્ધાર માટે કાંઈ ઉપાય ખરો? હા, છે.ત્યાગ ન કરી શકો તો કાંઈ હરકત નહીં,પરંતુ સર્વસ્વ ઈશ્વરને સમર્પણ કરો અને અનાસકતપણે તે ભોગવો. વ્યાસજીએ બ્રહ્મસૂત્ર બનાવ્યાં. યોગદર્શન ઉપર ભાષ્ય રચ્યું.પરંતુ તેઓને લાગ્યું કે કળિયુગનો માનવી ભોગપરાયણ થશે, અને તેથી તે યોગમાં પ્રવૃત્ત થઈ શકશે નહીં તેથી કરુણા કરી તેઓએ ભાગવતશાસ્ત્ર રચ્યું.

ખરી વાત જ એ છે કે પરીક્ષિતને નિમિત્ત બનાવીને સંસારમાં ફસાયેલા લોકોને માટે વ્યાસજીએ આ ભાગવતની કથા



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

કહેલી છે. ભાગવત ખાસ કરીને સંસારીઓ માટે છે.પ્રભુપ્રેમ વિના શુષ્ક જ્ઞાન ની શોભા નથી એ બતાવવાનો ભાગવતનો ઉદ્દેશ છે. ભકિત વિનાના જ્ઞાનની શોભાનથી જે જ્ઞાન-વૈરાગ્યથી દૃઢ થયેલું નથી ને મરણને સુધારવાને બદલે મરણ ને બગાડે એવો સંભવ છે. અંતકાળે આવું જ્ઞાન દગો આપે. મરણને સુધારે છે કેવળ ભક્તિ. ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક છે અને તે મરણને બગાડે છે. વિધિનિષેધની મર્યાદાથી પર બનેલા મોટા-મોટા ઋષિઓ-મહર્ષિઓ પણ ભગવાન ના અનંત કલ્યાણમય ગણોના વર્ણનમાં સદા રત્ રહે છે એવો છે ભક્તિનો મહિમા હવા-કઈ જ્ઞાની ને અભિમાન પજવે છે, ભક્તને નહીં. ભક્તિ સદગુણોને લાવે છે. ભક્તિ સર્વગુણોની જનની છે. ભક્ત નમ્ર હોય છે. ભક્ત વિનિત હોય છે. જે કથા પાપ



છોડાવે અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગૃત કરે તે સાચી ભાગવત કથા. માટે ફરી ફરી કહું છું કે, ભગવાનની કથા અને ભગવાનના સ્મરણથી હૃદયને આર્દ્ર બનાવો. તેના મંગલમય નામનો જપ કરો. આ કળિયુગમાં મુક્તિ પામવાનો માર્ગ છે.'', વિષયોનું બંધન મનુષ્ય છોડે,તો જ મનને સાચા આનંદનું સુખ મળે છે.સંયમ અને સદાચાર ને ધીમે ધીમે વધારતાં જજો. ભક્તિમાં આનંદ આવશે.સંતો, મહાત્માઓ અને મહાપુરુષો આ જગતના જીવોના કલ્યાણ માટે જ આ જગતમાં દેખાય છે.આ તેની હાજરી દ્વારા અને તેની હાજરી પછી, તેના સારા કાર્યો અને સંગત દ્વારા વિશ્વને પ્રગટ થાય છે.

દરેક આત્મા ભગવાન સુધી પહોંચવા માટે જીવનભર ભજન અને સત્સંગ કરતો રહે છે. તેઓ માને છે કે જ્યારે એક વ્યક્તિ જાગે છે, ત્યારે તે હજારો લોકોને જાગૃત કરે છે.

એક તત્વદર્શી સદગુરુ જ બ્રહ્મ તત્વનો અહેસાસ કરાવી શકે છે. હરિ કે સુમરે સો વર હૈ ગુરુ સુમરે સો જો કોઈ પરમાત્માનેપામવાનો પ્રયત્ન કરે છે તો તે ગુરુનો સંગ પ્રાપ્ત કરે છે.જ્યારે તે સદગુરુના ચરણોમાં આવે છે.બોધને ઓળખે છે. પછી તે સત્ય સુધી પહોંચી શકશે.

સત્યયુગમાં લક્ષ્મીજીએ ભગવાન વિષ્ણુને પ્રશ્ન પૂછ્યો હતો, ત્રેતાયુગમાં ભગવાન રામને,સીતા જીએ, દ્વાપર યુગમાં ભગવાન શ્રી કૃષ્ણને,રુકમણીજીએ પ્રશ્ન પૂછ્યો હતો -હે ભગવાન,કૃપા કરીને શંકા નું નિવારણ કરો જે શ્રેષ્ઠ સત્ય અને ધર્મ છે.પછી ત્રણ યુગમાં ભગવાને ચોથા યુગમાં પ્રશ્ન પૂછ્યો ત્યારે રામાપીરના રૂપમાં નેતલ દેવીએ કહ્યું હતુંજેમ કેરીના ગોટલી (બીજ)હોય છે તેમ આંબાનું ફળ પણ પાછળથી આવે છે. પહેલા બીજ અને પછી ફળ,આ જ વાત ભગવાન કૃષ્ણ એ ગીતામાં પણ અજુનને કહી છે.અહમાત્મા ગુડાકેશ સર્વ ભૂતાશય,અહમદિશ્ચ મધ્ય ચ ભૂતાનમંત અને ચ માં સ્થિત છે. ગીતા અધ્યાયઃદશ શ્લોકઃવીસ હે અજુન,હું તેમના હૃદયમાં રહેલા તમામ જીવોનો આત્મા છું અને હું જ તમામ જીવોનો આદિ, મધ્ય અને અંત છું.એટલે કે જન્મ,મૃત્યુ અને જીવન પણ હું જ છું.હું દરેક વ્યક્તિના શરીરમાં બીજના સ્વરૂપમાં સમાન છું.માણસનું બીજ આત્મા છે. આત્માના પેહચન ફિલસૂફ ફક્ત સદગુરુ મહારાજ વિશે કહી શકાય.

શબ્દો ઉદાસી ગુરુઆંતજાગટની પેસ્ટ અને ભગવાનના સંઘપ્રત્યેની બાહ્ય ભક્તિને સમજાવે છે.

બલે નધ ઘટ ઘટ ઘટ આયાંઓ આયન જ્યારે આત્મા આ શરીરમાં હોય છે, તો પછી બધા સંબંધો તે દિવસ છે કે જેના પર આત્મા શરીરમાંથી બહાર આવે છે અને પછી બધા સંબંધો !!જ્યાં સુધી જીવંત માણસો શરીર માં રહે છે જ્યારે હવા ઘરે ગઈ હોય અને શરીર તે શરીરમાં ડરથી ડરતો હોય ત્યારે તે ઘરમાં સારી રીત માંગે છે.જ્યાં બધી આત્માઓ શરીરમાં હોય છે,આપણી કુશળતાના બધા સમાચાર. આત્મામાંથી બહાર નીકળ્યા પછી, પોતાની પત્ની પણ ભૂત વિશે વિચારવાનું શરૂ કરે છે.

સંતોએ પણ આ વિશે કહ્યું છે.તે જે બોલે છે તે બીજું કોઈ નથી. ભગવાનની શક્તિ એક આત્મા છે. પછી આપણે ખાઈ શકીએ, બોલી શકીએ, પાણી પી, ચાલવું, દોડી શકીએ. અમારું દરેક કાર્ય એક સાક્ષી અને માલિક છે, જેના માટે રામદેવપીરને નેતલ દેવીને સમજાવ્યું અને કહ્યું કે બીજ એક સરખો છે અને આત્મા સમાન છે. બીજો કોઈ સત્ય નથી.ઘર, સંપત્તિ યોગ્યતા,ઓહ આ શરીર પણ નાશ પામે છે અને એકમાત્ર આત્મા સાચું છે

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે નૈનં છિન્દતિ શસ્ત્રાણી નૈનં દહતિ પાવકઃન ચૈનંક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃએટલે કે હે પાર્થ આત્માને ન શસ્ત્રો છેદી શકે, ન આગ બાળી શકે,તે ન પાણીથી પલળી જાયકે ન તો હવા તેને સુકવી શકે.તો આત્મા એવોઅમર છે જ્યારે શરીર નાશવંત છે અને એવા શરીરનો ધર્મને ખાતર નાશ કરવા તારે ફરજ બજાવતાં શોકાતુર થવું યોગ્ય નથી.. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે હોળી ધુળેટીના પાવન પર્વની સૌને શુભકામના પાઠવું છું.મિત્રો, દરરોજ સવારે આપણે આપણી જાતને(સ્વ)-મનને પૂછવું જોઈએ કે જેના માટે મને આ દુનિયામાં મોકલવામાં આવ્યો છે કાર્ય હું કરી રહયો છું પરત જવા માટે કોઈ તૈયારી કરવામાં આવી રહી છે કે નહીં.ચાર દિવસની યાત્રાની તૈયારીમાં કેટલું મોટું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે અને અનંત યાત્રા માટે કેટલીક તૈયારીઓ કરવામાં આવી છે ?કે પછી માત્ર ખોરાક,ટીકા,ડર અને જાતિ એટલે કે પશુ-પક્ષીઓ સિવાય બીજું કંઈ જ નથી....!!જરા ચિંતન મનન કરશો અને મૌજ મસ્તીમાં જીવોને જીવવા દો. ચંદ્ર સૂર્ય ગ્રહણ ખગોળીય ઘટના બને આપણે સારા કર્મ કરીએ.બસ અહીં અટકીએ અસ્તુ.

## સાબરકાંઠા જિલ્લામાં હેલ્મેટ વગર ફરતા વાહનચાલકો પર કાર્યવાહી

# સાબરકાંઠામાં સરકારી કચેરીઓ બહાર ટ્રાફિક પોલીસની ડ્રાઈવ, ૧૧૫ લોકો પાસેથી રૂપિયા ૨૯ હજારનો દંડ વસૂલ્યો








(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ટ્રાફિક શાખાએ આજે વિશેષ હેલ્મેટ ચેકિંગ ડ્રાઈવનું આયોજન કર્યું હતું. આ ડ્રાઈવ દરમિયાન જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પર વાહનચાલકોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું.

ટ્રાફિક શાખાના PSI એ.વી.જોષી અને તેમની ટીમે હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ, વિજયનગર અને પોશીના વિસ્તારમાં આ ડ્રાઈવ હાથ ધરી હતી. ચેકિંગ દરમિયાન ૧૧૫ દ્વિચક્રી વાહનચાલકો હેલ્મેટ પહેર્યા વગર મળી આવ્યા હતા.

તમામ નિયમભંગ કરનારા વાહનચાલકો પાસેથી સ્થળ પર જ કુલ રૂ.૨૯ હજારનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

ટ્રાફિક પોલીસના જણાવ્યા મુજબ, હેલ્મેટ ન પહેરવાને કારણે અકસ્માત સમયે વાહનચાલકોને માથામાં ગંભીર ઈજા થવાનું જોખમ રહે છે. કેટલાક કિસ્સાઓમાં મૃત્યુ પણ થાય છે.

આ કારણે સરકારે દ્વિચક્રી વાહનચાલકો માટે હેલ્મેટ ફરજિયાત બનાવ્યું છે. જો કે, સાબરકાંઠા જિલ્લામાં ઘણા વાહનચાલકો હજુ પણ આ નિયમનું પાલન કરતા નથી. આવા વાહનચાલકોને કાયદાનું પાલન કરાવવા માટે આ વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

## હોળી-ધુળેટી પર બનાસકાંઠા જિલ્લામાં વિશેષ વ્યવસ્થા

# ૩૧ એમ્બ્યુલન્સ અને ૧૫૦ કર્મચારીઓ ૨૪૮૭ તૈનાત, ઈમરજન્સી કોલમાં ૨૪% વધારાની શક્યતા

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૩

બનાસકાંઠા જિલ્લામાં આગામી હોળી-ધુળેટીના તહેવારને ધ્યાનમાં રાખીને વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ૧૩ અને ૧૪ માર્ચ ૨૦૨૫ના રોજ ઈમરજન્સી કોલમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. આંકડાકીય માહિતી મુજબ, સામાન્ય દિવસોમાં મળતા ૮૧ કોલની સરખામણીએ ૧૩ માર્ચે ૮૭ અને ૧૪ માર્ચે ૧૦૧ ઈમરજન્સી કોલ આવી શકે છે. આ દરમિયાન રોડ અકસ્માત અને ટ્રોમા કેસમાં વધારો થવાની શક્યતા છે.




બનાસકાંઠા જિલ્લાના પ્રોગ્રામ મેનેજર બલદેવ રબારીએ જણાવ્યું કે તહેવાર દરમિયાન ૩૧ એમ્બ્યુલન્સ અને ૧૫૦ કર્મચારીઓ ૨૪ કલાક સેવામાં રહેશે. તેમણે નાગરિકોને વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવા અને વિવાદોથી દૂર રહેવા અપીલ કરી છે. કોઈપણ ઈમરજન્સીમાં તાત્કાલિક મદદ માટે ૧૦૮ પર કોલ કરવાની સલાહ આપવામાં આવી છે. ૧૦૮ની ટીમે તમામ નાગરિકોને સલામત અને આનંદમય હોળી-ધુળેટીની શુભેચ્છાઓ પાઠવી છે. આ તહેવાર દરમિયાન જવાબદારીપૂર્વક ઉજવણી કરવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

## હોળી પર્વે રાજસ્થાન જતી ટ્રેનમાં અસહ્ય ભીડ

# અસારવા-જયપુર રૂટ પર ૧૫થી વધુ મુસાફરોએ ટિકિટ પરત કરી, સ્પેશિયલ ટ્રેનની માંગ ઉઠી

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૩

હોળીના તહેવાર નિમિત્તે ગુજરાતથી રાજસ્થાન જતા મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. બુધવારે રાત્રે હિંમતનગર રેલવે સ્ટેશન પર અસારવા-જયપુર ટ્રેનમાં અસહ્ય ભીડને કારણે ૧૫થી વધુ મુસાફરોએ તેમની ટિકિટ પરત કરવી પડી હતી.



અસારવાથી જયપુર, ઉદેપુર અને ઈન્દોર જતી નિયમિત ટ્રેનો દરરોજ ચાલી રહી છે. રાત્રે ૯:૨૦ કલાકે હિંમતનગર પહોંચતી અસારવા-જયપુર ટ્રેનમાં માત્ર ચાર જનરલ કોચ છે. બે કોચ આગળ અને બે પાછળના ભાગમાં જોડવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી આ કોચમાં મુસાફરો માત્ર બેસીને જ નહીં, પરંતુ ઊભા રહીને અને દરવાજામાં લટકીને પણ મુસાફરી કરી રહ્યા છે.

RPF કર્મચારીઓએ પ્લેટફોર્મ પરના મુસાફરોને કોચમાં બેસાડવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે, ભીડને કારણે મોટાભાગના મુસાફરો ટ્રેનમાં પ્રવેશી શક્યા નહીં. જે મુસાફરો ટ્રેનમાં ચડી શક્યા તેઓ જીવના જોખમે મુસાફરી કરતા જોવા મળ્યા હતા.

ટિકિટ ધરાવતા છતાં ટ્રેનમાં ન બેસી શકેલા મુસાફરોએ ટિકિટ પરત કરી અને બસ મારફતે રાજસ્થાન જવાનું પસંદ કર્યું. હોળીના તહેવારને ધ્યાનમાં રાખીને રેલવે વિભાગે સ્પેશિયલ ટ્રેન દોડાવવી જોઈએ અથવા વર્તમાન ટ્રેનમાં વધારાના જનરલ કોચ ઉમેરવા જોઈએ તેવી માંગ ઊઠી છે.

## હોળી સ્પેશિયલ ટ્રેન આગ્રા કેંટ-અસારવા રૂટ પર

# ૧૫ માર્ચથી સપ્તાહમાં 3 દિવસ દોડશે, ૨૪ કોચ સાથે ૧૫ સ્ટેશને રોકાણ કરશે

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૩

ઉત્તર પશ્ચિમ રેલવે (દ્નઉઇ) દ્વારા હોળીના તહેવારને ધ્યાનમાં રાખીને આગ્રા કેંટ-અસારવા રૂટ પર સ્પેશિયલ ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ટ્રેન ૧૫ માર્ચ ૨૦૨૫થી શરૂ થશે અને સપ્તાહમાં ત્રણ દિવસ દોડશે.



આગ્રા કેંટથી ટ્રેન દર સોમવાર, બુધવાર અને શનિવારે બપોરે ૧:૩૦ કલાકે ઉપડશે. તે બીજા દિવસે સવારે ૪:૦૫ કલાકે હિંમતનગર અને ૫:૪૫ કલાકે અસારવા પહોંચશે. અસારવાથી ટ્રેન મંગળવાર, ગુરુવાર અને રવિવારે સવારે ૯:૧૫ કલાકે ઉપડશે. હિંમતનગર ૧૦:૪૮ કલાકે પહોંચી, બે મિનિટનું રોકાણ કરી આગળ વધશે અને બીજા દિવસે સવારે ૨:૩૦ કલાકે આગ્રા કેંટ પહોંચશે. ટ્રેનમાં કુલ ૨૪ કોચ હશે, જેમાં બે ગાર્ડ કોચ, એક સેકન્ડ એસી, ત્રણ થર્ડ એસી, ૧૦ સ્લીપર કોચ અને આઠ જનરલ કોચનો સમાવેશ થાય છે. આ સેવા ૧૫ માર્ચથી ૩૧ માર્ચ અને ૧૬ માર્ચથી ૧ એપ્રિલ ૨૦૨ સુધી ઉપલબ્ધ રહેશે.ટ્રેન આગ્રા કેંટ, ફતેપુર સીકરી, બયાના, ગંગપુર સિટી, સવાઈ માધોપુર, કેશોરાયપાટન, બુંદી, માંડલગઢ, ચંદેરીયા, માવલી, ઉદયપુર સિટી, જાવર, ડુંગરપુર, હિંમતનગર અને અસારવા સ્ટેશનો પર રોકાણ કરશે.

# જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્તરીય સ્પોર્ટસ કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૩

જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્તરીય સ્પોર્ટસ કાર્યક્રમ યોજાયો હતો. ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત નેહરુ યુવા કેન્દ્ર, મહેસાણા (માય ભારત) તેમજ આર.જે. ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલ દેદિયાસણ ના સહયોગથી આજરોજ આર.જે . ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે સ્પોર્ટસ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ જિલ્લા સ્તરીય કાર્યક્રમમાં મહેસાણા જિલ્લામાંથી બેચરાજી,ખેરાલુ તેમજ મહેસાણા તાલુકાના ૧૨૦ રમતવીરોએ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં કબ્બડ્ડી, ખો-ખો, લાંબીકૂદ તેમજ દોડ ન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતી.

જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલ તથા ટ્રસ્ટીશ્રી યોગેશભાઈ પટેલના વરદ હસ્તે ટ્રોફી, મેડલ તેમજ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલા હતા. તેઓના દ્વારા વિજેતા રમતવીર જીવનમાં આગળ આવવા તેમ જ રમતગમત સ્પર્ધામાં વધુમાં વધુ યુવક યુવતીઓ ભાગ લે તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ હતું

કબ્બડીમાં પ્રથમ વિજેતા ખેરાલુ યુવા કલબ, ખેરાલુ, ખો - ખો સ્પર્ધામાં આર.જે. ઈન્ટરનેશનલ સ્કૂલ પ્રથમ વિજેતા તેમજ લાંબીકુદમાં હરિત મોદી, પટેલ વૃષ્ટી તેમજ દોડ રમતમાં અરમાન શેખ, પટેલ વૃષ્ટી પ્રથમ વિજેતા રહ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી તૃષાબેન પટેલ તેમજ મહેસાણા તાલુકાના ડેલીગેટ શ્રી વસંતભાઈ પટેલ તેમજ આર.જે.ઈન્ટરનેશનલ ટ્રસ્ટીશ્રી યોગેશભાઈ પટેલ તેમજ અગ્રણી મહાનુભાવો અને રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નહેરુ યુવા કેન્દ્ર મહેસાણા ના રાષ્ટ્રીય યુવા કાર્યકરો કોમલ રાવલ અને અજ્ઞુ પરમાર તેમજ અભિષેક ઠાકોર તેમજ રશ્મી શેખાવત અને પાયલ ઠાકોર વગેરે કાર્યકરો ખૂબ જ સહયોગ કરેલ છે એમ યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય ભારત સરકાર અંતર્ગત કાર્યરત માય ભારત નેહરુ યુવા કેન્દ્ર મેહસાણા દ્વારા જણાવાયું છે.

# વડાલીના ધરોદ ગામે લાંચ કૌભાંડ : ઉપસરપંચ ૧૬ હજારની લાંચ લેતા ઝડપાયા, સરપંચ પતિ ફરાર

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકામાં એક મોટું લાંચ કૌભાંડ સામે આવ્યું છે. ધરોદ ગામના ઉપસરપંચ લક્ષ્મણભાઈ બધાભાઈ તરાળને એસીબીએ ?૧૬ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા છે.

ફરિયાદીને ધરોદ ગ્રામ પંચાયત તરફથી પાણીના ટાંકા અને મજૂર કલ્યાણ કેન્દ્રના મકાનનું બાંધકામ સોંપવામાં આવ્યું હતું. કામ પૂર્ણ થયા બાદ મટીરિયલ અને મજૂરીનું બિલ મંજૂર થયું હતું. આ રકમ વેપારીઓ અને ફરિયાદીના ખાતામાં જમા થઈ હતી.

ત્યાર બાદ ઉપસરપંચે ?૬,૦૦૦ અને સરપંચના પતિ દશરથભાઈ બામણીયાએ ?૧૦,૦૦૦ની લાંચની માગણી કરી હતી. ફરિયાદીએ લાંચ આપવાની ના પાડી અને એસીબીનો સંપર્ક કર્યો હતો.

એસીબીએ ગોઠવેલા છટકામાં ઉપસરપંચ લક્ષ્મણભાઈ લાંચની રકમ સ્વીકારતા પકડાયા હતા. જ્યારે સરપંચ પતિ દશરથભાઈ હમીરભાઈ બામણીયા ઘટનાસ્થળે હાજર ન હતા. હિંમતનગર એસીબી પોલીસ સ્ટેશનમાં બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સંક્ષિપ્ત સમાચાર

## યુવતીનો અશ્લિલ વીડિયો બનાવી બ્લેકમેલિંગ શરૂ કર્યું, અવારનવાર દુષ્કર્મ આચર્યું

પાલનપુર,તા.૧૩

પાલનપુરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં યુવતી સાથે અહીંયા અલગ અલગ લોકોએ દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. આ કેસમાં ચોંકાવનારી વાત તો એ છે કે મુખ્ય આરોપીએ દુષ્કર્મ ૨૦૨૩માં આચર્યું હતું. સાથે જ તેણે યુવતીનો અશ્લિલ વીડિયો પણ બનાવ્યો હતો. જેમાં તેણે યુવતીનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી અને બાદમાં તેણે વીડિયો વાયરલ પણ કર્યો. જેથી સમગ્ર મામલે યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો આ કેસનો મુખ્ય આરોપી વિશાલ બેરા નામનો યુવક હોવાનું સામે આવ્યું છે. જેણે યુવતી સાથે દુષ્કર્મ આચર્યું, તેનો અશ્લિલ વીડિયો બનાવ્યો અને બાદમાં અલગ અલગ હોટલોમાં લઈ જઈને તેની સાથે તેણે દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે આરોપીએ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી અને બાદમાં તેણે તેના મિત્રો સાથે પણ સંબંધ રાખવા માટે દબાણ કર્યું હતું.

વીડિયો વાયરલ કરવાની ધમકી આપ્યા બાદ આરોપી વિશાલ બેરા તો તેની સાથે દુષ્કર્મ આચરતો હતો, સાથે જ અન્ય લોકોએ પણ યુવતી સાથે દુષ્કર્મ આચર્યું હતું. જે સમયે આરોપી વિશાલ બેરાએ યુવતી સાથે દુષ્કર્મ આચર્યું હતું તે સમયે આરોપી સગીરવયનો હતો. જોકે હાલ તે પુખ્તવયનો છે. આ મામલે પોલીસે અન્ય આરોપીઓને પકડવા માટે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે આરોપી અવારનવાર યુવતીને વીડિયો વાયરલ કરવાની ધમકી આપતો હતો. બાદમાં તેણે વીડિયો વાયરલ કર્યો જેથી યુવતીએ આ સમગ્ર મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસને આ મામલે ફરિયાદ મળ્યા બાદ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ અને તેમણે મુખ્ય આરોપી વિશાલ બેરાની અટકાયત કરી લીધી છે. જેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ અન્ય આરોપીઓને પણ ઝડપી પાડવા માટે પોલીસે અલગ અલગ ટીમો બનાવીને તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

## અમદાવાદમાં પાણીજન્ય રોગચાળો વકર્યો, છેલ્લા ૯ દિવસમાં ટાઈફોઈડના ૧૧૫ કેસ

અમદાવાદ,તા.૧૩

અમદાવાદમાં ઉનાળાની શરૂઆતમાં પાણીજન્ય રોગચાળો વકર્યો છે. અમદાવાદમાં અચાનક ગરમી વધતાની સાથે જ ટાઈફોઈડના કેસોમાં વધારો થયો છે. ટાઈફોઈડના કેસોમાં એકા એક વધારો થતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. અમદાવાદમાં નવ દિવસમાં ટાઈફોઈડ ૧૧૫ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે.

ત્રણ મહિનામાં ટાઈફોઈડના ૬૨૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત નરોડામાં કોલેરાનો પણ એક કેસ નોંધાયો છે. તો આ તરફ બહેરામપુરામાં ટાઈફોઈડના ૨૦ કેસ તો લાંબામા ૧૫ કેસ નોંધાયા છે. ચાલુ માસમાં છેલ્લા ૯ દિવસમાં નોંધાયેલા કેસની માહિતી મેળવીએ તો ઝાડા- ઊલટીના ૧૫૩ કેસ, કમળાના ૪૬ કેસ જ્યારે ટાઈફોઈડના ૧૧૫ કેસ નોંધાયા છે.

બીજી તરફ રાજ્યમાં આકરા ઊનાળાની શરૂઆત થઈ ગઈ છે. રાજકોટમાં ગરમીનું યલો એલર્ટ જાહેર કરાયું છે. રાજકોટમાં તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચી શકે છે. ત્યારે રાજકોટ મનપાએ લોકોને ગરમીમાં સાવધાન રહેવા અપીલ કરી છે. બપોરના સમયે ૧થી ૩ લોકોને બહાર ન નીકળવા સૂચના અપાઇ છે. આ સાથે શરીર ઢંકાઇ તેવા સતરાઉ કપડા પહેરવાની સલાહ આપવામાં આવી છે. ગરમીના સમયે જો બહાર નીકળવાનું થાય તો મોઢા પર રૂમાલ પહેરવો ઉપરાંત ટોપી અને ચશ્મા પહેરીને બહાર નીકળવા સલાહ આપવામાં આવી છે.

## વિદાય ભાષણ પછી જસ્ટિન ટ્રૂડો ખુરશી ઉપાડીને ચાલ્યા ગયા, તસવીર વાયરલ થઈ

ઓટાવા,તા.૧૩

કેનેડાની શાસક લિબરલ પાર્ટીએ બેંક ઓફ કેનેડાના ભૂતપૂર્વ વડા માર્ક કાર્નેને પોતાના નેતા તરીકે ચૂંટ્યા છે અને હવે તેઓ દેશના નવા વડા પ્રધાન બનશે. કાર્ની (૫૯) જસ્ટિન ટ્રૂડોનું સ્થાન લેશે, જેમણે જાન્યુઆરીમાં પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. માર્ક કાર્નીના રાજ્યાભિષેક પહેલા, જસ્ટિન ટ્રૂડોને સત્તાવાર રીતે વિદાય આપવા માટે લિબરલ પાર્ટીનું સંમેલન યોજાયું હતું. ટ્રૂડોએ સંમેલનમાં કંઈક એવું કર્યું જેની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તસવીરમાં જસ્ટિન ટ્રૂડો ખુરશી પકડીને ચાલતા જોઈ શકાય છે. આ સમય દરમિયાન, તે કેમેરા જોઈને પણ ઉત્સાહિત દેખાય છે. તેમણે પોતાની હાઉસ ઓફ કોમન્સની ખુરશી હાથમાં પકડી છે અને તેને ઉંચકીને હસતા જોવા મળે છે. સંમેલનમાં જસ્ટિન ટ્રૂડો કેનેડાના નવા વડા પ્રધાન માર્ક કાર્નીને પણ મળ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે કેનેડામાં સત્તાનું ઔપચારિક હસ્તાંતરણ ટૂંક સમયમાં થશે. જસ્ટિન ટ્રૂડોએ સંમેલનમાં લિબરલ પાર્ટીની સિદ્ધિઓ વિશે પણ વાત કરી. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું, ×મધ્યમ વર્ગ અને તેના મહેનતુ લોકો માટે અમે છેલ્લા ૧૦ વર્ષમાં જે કર્યું છે તેના પર મને ગર્વ છે.×

## લખનૌની હોટલમાં વિદેશી મહિલાનું રહસ્યમય મૃત્યુ,પોલીસ તપાસમાં લાગી

લખનૌ,તા.૧૩

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌના વિભૂતિખંડ વિસ્તારમાં એક હોટલના રૂમમાં એક વિદેશી મહિલાનું રહસ્યમય રીતે મૃત્યુ થયું. પોલીસે આ કેસ અંગે માહિતી આપી. પોલીસના જણાવ્યા અનુસાર, ઉઝબેક મહિલાનો મૃતદેહ હોટલના રૂમમાંથી મળી આવ્યો હતો અને હવે પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેનું મૃત્યુ હત્યા, આત્મહત્યા કે અન્ય કોઈ કારણસર થયું છે.પોલીસના જણાવ્યા અનુસાર, ઉઝબેકિસ્તાનના નાગરિક ૪૩ વર્ષીય એગામ્બરદીવા ઝેબો ૨ માર્ચે દિલ્હીના સતનામ નામના યુવક સાથે લખનૌ આવ્યા હતા અને વિજયંતખંડની એક હોટલમાં રોકાયા હતા. ૫ માર્ચે સતનામ અચાનક ગાયબ થઈ ગયો અને ત્યારબાદ મહિલા હોટલમાં એકલી રહી. ૯ માર્ચે હોટલના સ્ટાફને રૂમનો દરવાજો અંદરથી બંધ જોવા મળ્યો. મેં બૂમ પાડી, પણ અંદરથી કોઈ જવાબ ન મળ્યો.

આ પછી, હોટેલ સ્ટાફે માસ્ટર ચાવીથી દરવાજો ખોલ્યો. આ દરમિયાન મહિલાનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં પલંગ પર પડ્યો હતો.

Volume : 10 Issue : 341 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002